૨

ડૉ.આંબેડકર ભવન, ગાંધીનગરના રીનોવેશનની કામગીરીના અંદાજો તથા સેન્ટ્રલી એ.સી.ની કામગીરીને વહીવટી મંજૂરી આપવા બાબત.

S. J. & E. DEPTT.
1 3 JAN 2014
IWDMS No. 38276

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૩૨૦૧૨-૭૧૭૩૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮-૧-૨૦૧૪.

**વંચાણે લીધાઃ**

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના તા.૧૬-૧૨-૧૩ ના પત્ર ક્રમાંકઃ અજાક- મ.૪- ફા.૧૧૫-૨૦૧૩-૮૨૩૧-૮૨૩૨.

(૨) નાયબ કાર્યાપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના ભવન, વિભાગ નં.૩, ગાંધીનગરના તા.૨૯-૧૦-૧૩ ના પત્ર કઃ પીબી-૩૦૨૮- ૨૦૧૩.

**ઠરાવઃ**

ડૉ.આંબેડકર ભવન, ગાંધીનગરના રીનોવેશનની કામગીરીના અંદાજો તથા સેન્ટ્રલી એ.સી.ની કામગીરીને વહીવટી મંજૂરી આપવા બાબતે રૂ.૪૪,૧૫,૨૨૦/- (અંકે રુપિયા ચુમ્માલીસ લાખ પંદર હજાર બસ્સો વીસ પુરા) ના ખર્ચને મંજૂરી આપવા નિયામકશ્રી, અનસૂચિત જાતિ કલ્યાણે દરખાસ્ત કરેલ છે.

ડૉ.આંબેડકર ભવન, ગાંધીનગરના રીનોવેશનની કામગીરીના અંદાજો તથા સેન્ટ્રલી એ.સી.ની કામગીરી માટે રૂ.૪૪,૧૫,૨૨૦/- (અંકે રુપિયા ચુમ્માલીસ લાખ પંદર હજાર બસ્સો વીસ પુરા) ના ખર્ચની મંજૂરી નીચે દર્શાવેલ શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩-૧૪ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૩) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૪) ઉપરોકત મંજુર કરવામાં આવેલ રકમથી ખર્ચ વધવા ન પામે તેની તકેદારી નિયામકશ્રી(અજાક)એ રાખવાની રહેશે.

(૫) આ કામ માર્ગ અને મકાન વિભાગ મારફત કરાવવાનું રહેશે.

આ અંગેનો માંગણી ક્રમાંક:૯૫, એસ.સી.એસ.પી. મુખ્ય સદર-૨૨૨૫- અનુ.જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોનુ કલ્યાણ- પેટા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- ૧૦- બીસીકે-૪૯, આંબેડકર ભવનોના નિભાવ અને વિકાસ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨-૧-૨૦૧૪ ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડિયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
એ.જી.રાજકોટ/ અમદાવાદ
નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના ભવન, વિભાગ નં.૩, ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જી.ગાંધીનગર
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, બહુમાળી મકાન, જી.ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
સિલેકટ ફાઇલ.